બાળકો અને
નવયુવાનો માટે

રબીઉસ્સાની હી.સ. ૧૪૩૩,
માર્ચ - ૨૦૧૨

હુદા

માસિક

અંક
૪૧



રૂ.
30/-



કુરઆનની સરાહનીય

ખુદાના શત્રુઓ

૧.મોઅતદીન	મર્યાદા ઓળંગનારાઓ	સૂરએ-બકરાહ આયત-૧૯૦
૨.કુફ્ફારે અસીમ	ગુનેહગાર-કાફિર	સૂરએ-બકરાહ આયત-૧૯૦
૩.કાફેરીન	નેઅમતોનો ઈન્કાર કરવાવાળાઓ	સૂરએ આલે ઈમરાન આયત-૩૬
૪.ઝાલેમીન	અત્યાચાર અને જુલ્મ કરનારાઓ	સૂરએ આલે ઈમરાન આયત - ૫૭
૫.ખ્વાનન અસીમા	લોકોની થાપણ ઓળવી જનાર ગુનેહગાર	સૂરએ નિસાઅ- આયત-૧૦૭
૬.અલજહરો બિસ્સૂઅ	અત્યારચાર કરનારાઓ સિવાય અન્યોની બુરાઈ કરનારાઓ	સૂરએ-નિસાઅ આયત-૧૪૮

E-mail : hadimasik@yahoo.com

૭. મુફ્સેદીન	દંગો-ટંટો-લડાઈ-ઝગડો કરનારાઓ	સૂરએ-માએદાહ આયત-૬૪
૮. મુસરેફીન	અપવ્યય (ખોટા ખર્ચાઓ) કરનારાઓ	સૂરએ-અનઆમ-આયત-૧૪૧
૯. ખાએનીન	થાપણ ઓળવી જનારાઓ	સૂરએ-અન્ફાલ આયત-૫૮
૧૦. મુસ્તકબેરીન	ગર્વ-ઘમંડ કરનારાઓ	સૂરએ નહલ આયત - ૨૩
૧૧. ખ્વાને કફૂર	થાપણ ઓળવી જનારાઓ - નેઅમતોનો ઈન્કાર કરનારાઓ - કૃતઘ્નતા કરનારાઓ	સૂરએ-હજ આયત - ૩૮
૧૨. ફરેહીન	ઈતરાવાવાળાઓ	સુરએ-કસસ આયત-૭૬
૧૩.મુખ્તાલે ફખૂર	સ્વચ્છંદ-ખોટી રીતે ગર્વ-અભિમાન કરનારાઓ	સૂરએ-લુકમાન આયત-૧૮

રબીઉસ્સાની હીજરી સન ૧૪૩૩,
માર્ચ - ૨૦૧૨

બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

દર માસની જેમ આ માસે પણ 'હાદી' આપના હાથોમાં છે. અમને આપના સંદેશા મળે છે અને ઘણી પ્રસન્નતા થાય છે કે આપનામાં વાંચનનો શોખ અને રૂચિ છે.

આ માસ એ રીતે ખૂબ જ મહત્વ ધરાવે છે કે આ મહીનામાં જ આપણાં અગ્યારમાં ઈમામ એટલે કે ઈમામ હસને અસ્કરી અ.સ.ની વિલાદતનો દિવસ આવે છે. કે જેમની વિલાદતની મુબારકબાદ આપણે સૌએ આપણાં ઝમાનાના ઈમામ હઝરત હુજ્જત અજ. અને ખુદાવન્દે આલમની પવિત્ર સેવામાં પેશ કરવાની છે.

ઈમામ અ.સ.નું આયુષ્ય ટુંકુ જરૂર હતું પરંતુ આપનો સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ ઘણો વિશાળ છે. તેમાં લેશમાત્ર પણ ઓછપ દેખાતી નથી. આપના જીવનકાળનો મોટો ભાગ બંદી અવસ્થામાં - કેદખાનામાં વીત્યો છે. પરંતુ આપની આ બંદી અવસ્થા પણ આપના પ્રશિક્ષણના કાર્યમાં નડતરરૂપ સાબિત થઈ નથી અને બંદી-અવસ્થામાં પણ દીને ઈસ્લામના પ્રચાર-પ્રસારના કાર્યમાં આપ સતત કાર્યશીલ અને પ્રવૃત્ત રહ્યાં હતાં અને પ્રસંગોપાત જ્યારે દીન ઉપર આપત્તિની ઘડી આવી ત્યારે આપે પોતાના પિતામહના ચારિત્ર પ્રમાણે વર્તીને દીનની સમસ્યાઓનું નિરાકરણ લાવીને શાસકો ઉપર એ સાબિત કરી આપ્યું હતું કે રસૂલે ખુદા સ.અ.વ.ના ખરા વારસદારો અમે જ છીએ.

મારા વહાલા બાળકો !

આ મુશ્કિલ અને આપત્તિઓથી ભરેલા યુગમાં આપણી જવાબદારીઓ ઘણી મહત્વની છે આપણે દીન-ઈસ્લામના શત્રુઓની સઘળી ચાલબાજીઓ અને પેંતરાઓથી સાવધાન રહેવું જોઈએ અને પરવરદિગારને દુઆ કરતાં રહેવું જોઈએ કે આપણે દીને ઈસ્લામના પ્રચાર - પ્રસારના કામે જેમ બને તેમ વધારેમાં વધારે સેવા કરતાં રહીએ...

વસ્સલામ

અને અમારા માટે દુઆની યાચના

بسم الله الرحمن الرحيم

એરે સરપરસ્તી હઝરતે હુજ્જત

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશશરીફ

મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :

સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :

અહમદ રઝા ઝુરારહ

તાલીમરઝા અજમેરી

એહસાનઅલી રીઝવી

અનુવાદક :

સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા

Mukhtar Abbas Vasaya

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org

વાર્ષિક લવાજમ

રૂા.૩૦૦/-



પ્રશ્ન અને જવાબ

પ્રશ્ન : મનુષ્યના જીવનમાં ખુદા ઉપર આસ્થા (ઈમાન) રાખવાનું શું મહત્વ છે ?

જ. : જો આપણે કોઈ ઘરમાં દાખલ થઈએ અને આપણે એવું જાણતા હોઈએ કે આ ઘરનો કોઈ માલિક નથી અને આપણે તે ઘરમાં જે કાંઈ કરીએ તેની પુછપરછ કરવાવાળો અને અમને જોવાવાળો કોઈ નથી એટલે કે અહિયાં આપના ઉપર કોઈ નિયંત્રણો નથી તો આપ સ્વચ્છંદ થઈ જશો. આપના કામોમાં કોઈ વ્યવસ્થા નહી રહે. આમ આવા મકાનમાં આપણે તદ્દન નિરંકુશ, સ્વંતત્ર હોઈશું જ્યાં મરજીમાં આવે ત્યાં કચરો નાંખી દઈએ અને સફાઈ પણ ન કરીએ. કોઈ બીક નહીં, કોઈ ડર નહીં પરંતુ આપણે જાણતા હોઈએ કે કોઈ આ મકાનનો માલિક છે જે આપણે શું કરીએ છીએ તેનું ધ્યાન પણ રાખે છે અને આપણે જવાબ પણ આપવો પડશે તો આપણીં ત્યાં રહેવાની પદ્ધતિ જ જુદી હશે. કયાંયે કચરો નાંખતા પહેલા વિચારીશું અને ભૂલથી નાંખી પણ દઈએ તો તેને સાફ કરી નાંખીશું.

તેવી જ રીતે જ્યારે આપણે એવું સંપૂર્ણ યકીન રાખીએ કે સર્વજ્ઞાની વિદ્વાન ખુદાવન્દે આલમ જેવી એક હસ્તી આ સમગ્ર સૃષ્ટિની માલીક છે અને કયામતના દિવસે આપણા સઘળા કૃત્યોનો સારો બદલો કે સજા પણ તે આપવાવાળો છે તો આપણે પણ આપણા સઘળા કાર્યોને વ્યવસ્થિત રાખીશું અને વિદ્રોહી મનને અંકુશમાં રાખીશું અને જેવી રીતે ઘરના માલિકને જે કામો પસંદ ન હોય તે આપણે તેના ઘરમાં રહેતા હોઈએ ત્યારે કરતા નથી તેવી જ રીતે જો ખુદા ઉપર યકીન, આસ્થા અને ઈમાન હશે અને એ પણ જાણતા હોઈશું કે તે આપણાં તમામ કૃત્યોનો હિસાબ પણ લેવાવાળો છે તો આપણે પણ તેની સૃષ્ટિમાં અને પોતાના જીવનમાં તેની પસંદથી વિરૂદ્ધનું કોઈ કૃત્ય કરીશું નહીં.

નમાઝનું ભાષાંતર

૧. સૂરએ હમ્દનું ભાષાંતર

બિસ્મિલ્લા - હિર્રહમા - નિર્રહીમ -

અલ્લાહના નામથી (શરૂ કરું છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), ખૂબ જ રહેમ (દયા) વાળો છે.

અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન -

બધા જ વખાણ અલ્લાહને માટે જ છે જે તમામ જગતનો પાલનહાર છે.

અર્રહમા - નિર્રહીમ -

જે ઘણો જ કૃપા (અને) દયાવાળો છે.

માલેકે યવમિદ્દીન -

જે બદલાના દિવસ (કયામતના દિવસ)નો માલિક છે.

ઈય્યાકા નઅબોદો - વ - ઈય્યાકા નસતઈન -

(હે અલ્લાહ) અમે તારી જ બંદગી કરીએ છીએ અને (દરેક કામમાં) તારાથી મદદ ચાહીએ છીએ.

અહદેનસ્સિરાતલ મુસ્તકીમ -

તું અમને સીધા માર્ગ ઉપર જ કાયમ રાખ.

સિરાતલ-લઝીના-અનઅમ્તા-અલયહિમ -

તે લોકોના માર્ગ પર જેઓને તેં (પોતાની) નેઅમતો (કૃપા) આપી છે.



ગયરિલ મગઝૂબે - અલ્યહિમ - વ - લઝ - ઝાલ્લીન -

તેઓનો માર્ગ નહીં જેઓ ઉપર તારો ગઝબ થયો અને ન તો તેઓનો માર્ગ જેઓ અવળે માર્ગે ગયાં. (ગુમરાહ થયા)

E-mail : hadimasik@yahoo.com

(૨) સૂરએ ઈખ્લાસનું ભાષાંતર :

બિસ્મિલ્લા હિર્રહમા - નિર્રહીમ -

કુલ્હો - વલ્લાહો - અહદ -

(હે રસુલ) કહો કે અલ્લાહ એક અને એક માત્ર છે.

અલ્લાહુસ્સમદ -

અલ્લાહ બે નિયાઝ (સ્વતંત્ર-જેને બીજા કોઈની કોઈ સહાયતાની જરૂર ન હોય તેવો) છે.

લમયલિદ-વલમ-યુલદ -

ન તો તે કોઈને જન્મ આપે છે અને ન તો તેને કોઈએ જન્મ આપ્યો છે.

વલમ-યકુલ્લહૂ-કોફોવન અહદ -

અને ન કોઈ એક તેના જેવો છે.

(૩) રૂકૂઅ અને સજદાઓના ઝિક્રનું ભાષાંતર :

સુબ્હાના રબ્બીયલ અઝીમે-વ-બેહમ્દેહી :

મારો મહાન પરવરદિગાર દરેક પ્રકારના દોષરહિત અને ત્રુટિ રહિત છે અને હું તેની પ્રશંસા (હમ્દ) કરૂં છું.

સુબ્હાના રબ્બીયલ આઅલા-વ-બેહમ્દેહી :

મારો પરવરદિગાર સૌથી ઉચ્ચતમ(મહાન) છે અને તે દરેક પ્રકારે દોષરહિત અને ત્રુટીરહિત છે અને હું તેની પ્રશંસા (હમ્દ) કરૂં છું.

(૪) રૂકુઅ અને સજ્દાઓ પછીના ઝિક્રોનું ભાષાંતર :

અસ્તિગફિરૂલ્લાહા-રબ્બી-વ-અતૂબો ઈલ્યહ -

એ અલ્લાહ સમક્ષ (પાસેથી) ક્ષમા યાચના કરૂં છું જે મારો પાલનહાર છે અને તેના તરફ રૂજુઅ કરૂં છું . (તેની તરફ જ સન્મુખ થાઉં છું)

બે હવલ્લિાહે - વ -કુવ્વતેહી-વ-અકૂમો-વ-અકઉદ -

હું અલ્લાહની સહાયતથી (જ) ઉભો થાઉં છું અને બેસું છું.

(૫) કુનુતનું ભાષાંતર :

લા - ઈલાહા - ઈલલલ્લાહુ - લ - હલીમુલ કરીમ - લા - ઈલાહા - ઈલલલ્લાહુલ - અલીયુલ અઝીમ.

કોઈ પ્રાર્થના કરવાને લાયક નથી સિવાય તે અલ્લાહના - જે સહિષ્ણુતા, સહનશીલતા અને દયાવાળો છે. કોઈ પ્રાર્થના કરવાને લાયક નથી સિવાય તે અલ્લાહના - જે ઉચ્ચ અને મહાન છે.

સુબ્હાનલ્લાહે - રબ્બિસસ્માવાતિસ્સબએ - બ - રબ્બિલ અરઝીનિસ્સબએ - વ - માફીહિન્ના - વ - મા બયનહુન્ના - વ - રબ્બિલ અર્શિલ અઝીમ - વલ - હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન.

પવિત્ર અને દુર્ગુણોથી પર (જેમાં કોઈ દુર્ગુણ નથી તેવો) છે એ અલ્લાહ જે સાત આકાશો અને સાત પૃથ્વીઓ અને તેમની અંદર અને તેમની વચ્ચે જે કાંઈ છે તે દરેક વસ્તુનો અને અર્શેઅઝીમ(મહાન અર્શ)નો પરવરદિગાર છે. પ્રશંસા અને સ્તુતિ એ અલ્લાહ માટે જ ખાસ છે જે સમગ્ર સૃષ્ટિનો રબ (પાલનહાર) છે.

(૬) તસ્બીહલ અરબાઅનું ભાષાંતર :

સુબ્હાનલ્લાહે-વલ-હમ્દોલિલ્લાહે-વ-લાઈલાહા-ઈલ-લલ્લાહો-વલ્લાહો અકબર.

અલ્લાહ પવિત્ર અને તમામ દુર્ગુણોથી પર છે અને પ્રશંસા અને સ્તુતિ એ અલ્લાહ માટે જ ખાસ છે અને તેના સિવાય બીજો કોઈ માઅબૂદ (ઈબાદત-પ્રાર્થના કરવાને લાયક) નથી અને અલ્લાહ અત્યંત મહાન છે.

E-mail : hadimasik@yahoo.com

(૭) તશહહુદનું ભાષાંતર :

અશ્હદોઅન - લાઈલાહા - ઈલ -લલ્લાહો - વહદહૂ - લા - શરીકાલહૂ.

હું સાક્ષી પુરૂં છું કે (ગવાહી આપું છું કે) અલ્લાહ સિવાય બીજો કોઈ પ્રાર્થના કરવાને (ભક્તિ કરવાને) લાયક નથી. તે અદ્વિતીય છે. અને તેનો કોઈ સાથીદાર (શરીક-સાથીદાર-ભાગીદાર) નથી.

વ-અશહદો અન્ના મુહમ્મદન- અબ્દહૂ-વ-રસૂલોહુ-અલ્લાહુમ્મા સલ્લે અલા મુહમ્મદિંવ-વ-આલે મુહમ્મદ.

અને હું સાક્ષી પુરૂં છું કે મુહમ્મદ અલ્લાહના સેવક (દાસ) (બંદા) અને તેના રસૂલ છે, અલ્લાહ-મુહમ્મદ અને તેમની પવિત્ર આલ ઉપર દરૂદ મોકલ.

(૮) સલામનું ભાષાંતર :

અસ્સલામો અલયકા ઐયોહન્નબીયો - વ - રહમતુલ્લાહે - બરકાતોહુ

(હે નબી !) આપના ઉપર સલામ અને અલ્લાહની રહેમત અને બરકત હજો

અસ્સલામો અલ્યના - વ - અલા - ઈબાદિલ્લાહિસ્સાલેહીન.

આપના ઉપર અને અલ્લાહના સઘળા નેક બંદાઓ ઉપર સલામ હજો.

અસ્સલામો અલ્યકુમ - વ - રહમતુલ્લાહે - બ - બરકાતોહુ -

હે નમાઝ પઢવાવાળાઓ ! તમારા ઉપર સલામ અને અલ્લાહની રહેમત અને બરકત હજો.

E-mail : hadimasik@yahoo.com

શયતાન અને માનવ જાતિ

શયતાન અને માનવજાતિનો પરસ્પરનો સંબંધ સૃષ્ટિ અને માનવજાતિના સર્જનના પ્રથમ દિવસથી જ છે. શયતાનની વિચારસરણી પ્રમાણે માનવજાતને કારણે જ શયતાનને અલ્લાહની બારગાહમાંથી નીકળવું પડ્યું છે. જો કે ખરેખર એવું નથી. ખરૂં કારણ તેની અલ્લાહના આદેશની અવહેલના છે. તેણે ખુદાની આજ્ઞા પ્રમાણે (આદમ અ.સ.) સજદો ન કર્યો અને પોતાની અકડ દેખાડી.

પરંતુ શયતાન પોતાની ખોટી માન્યતાના કારણે આજ સુધી આદમ અ.સ. ની ઔલાદ (એટલે કે માનવજાતિ) થી પોતાના તે પદભ્રષ્ટ થવાની બાબતનો બદલો લે છે. તેમને બહેકાવે છે, ગેરમાર્ગે દોરે છે અને માનવજાતિના લોકો પાસે ઝઘડો-ટંટો-રમખાણો-ચોરી-લુટમાર ધાડ વિગેરે કામો કરાવે છે.

તો આવો, આજે આપણે શયતાનની જાળમાં ફસાઈ ન જવાય, તેની ખોટી દોરવણીમાં આવી ન જઈએ તે માટેના ઉપાયો જાણીએ.

વઝુ કરેલી અવસ્થામાં રહેવું.

આયતુલ્લાહ શહીદ દસ્તગૈબ શીરાઝી પોતાના પુસ્તક "ઈસ્તેઆના" માં લખે છે કે એક વિદ્વાનને પુછવામાં આવ્યું કે શું રિવાયતોમાં એવી પણ કોઈ જાણકારી મળે છે કે શયતાન પણ પ્રાણીઓ અને મનુષ્યોની જેમ ક્યારે ઉંઘે છે ?

તે ધાર્મિક વિદ્વાન હસી પડ્યા અને ઘણો સારો જવાબ આપ્યો., આપે ફરમાવ્યું "જો શયતાન ઉંઘતો હોત તો આપણને થોડાક સમય માટે રાહત-શાંતિ મળી રહેત. આપણે ઉંઘીએ છીએ પરંતુ તે તો સદાય જાગતો જ રહે છે. તેને

ઉંઘ કેવી રીતે આવે, તે તો હંમેશા આપણને (મનુષ્ય જાતિને) પોતાની જાળમાં ફસાવવાની તકની જ પ્રતિક્ષા કરતો હોય છે.”

આયતુલ્લાહ શીરાઝી ફરમાવે છે કે ઉંઘતા પહેલા વઝુ કરી લેવાનું રાખો કેમકે વઝુનો દિવ્યપ્રકાશ (નુર) શયતાનને તમારાથી દૂર રાખશે.

ઉંઘતા પહેલા વઝુ કરવાનું એક પરિણામ એ પણ છે કે તેનાથી મનુષ્ય ખોટા સપનાઓથી સુરક્ષિત રહે છે.

પ્રથમ સિક્કો

આપણા વહાલા નબી સ.અ.વ.ના કાકા જનાબ ઈબ્ને અબ્બાસ થી રિવાયત છે કે જ્યારે સોના-ચાંદીનો પ્રથમ સિક્કો ચલણમાં મુકાયો તો શયતાન ખૂબ ખુશ થયો હતો. તેણે તે સિક્કાને ઉપાડી આંખે લગાડ્યો અને છાતી સરસો ચાંપીને જોરથી બોલી ઉઠ્યો, તમે બંને સિક્કાઓ મારી બંને આંખોનો પ્રકાશ અને મનની શાંતિ છો, હવે માણસો તમારી સાથે પ્રેમ કરશે તેથી હવે મને એ બાબતની કાંઇ પડી નથી કે લોકો મૂર્તિપૂજા કરે કે ના કરે. મારા માટે તો પુરતુ છે કે લોકો તમારાથી પ્રેમ કરે. લાનતને પાત્ર છે એ વ્યક્તિ કે જે સોના-ચાંદીના સિક્કાઓનો દાસ બનીને રહે.

એક બીજી રિવાયતમાં છે કે જ્યારે પહેલો સિક્કો બન્યો તો શયતાને તેને પોતાના કપાળે લગાડીને ચુમીને કહ્યુ : “જે તને પ્રેમ કરશે તે ખરેખર મારો દાસ હશે” ઈમામ રિઝા અ.સ.નો ઈર્શાદ છે કે સોના-ચાંદીના સિક્કાઓ શયતાનના બાણો પૈકીના બાણ છે.

E-mail : hadimasik@yahoo.com

અભિવ્યક્તિનો અધિકાર

એ હકીકત છે કે ઈસ્લામમાં ચિંતન અને મનનને કર્તવ્ય ગણવામાં આવેલ છે. જો કુરાને કરીમનો અભ્યાસ કરવામાં આવે તો તેમાં એવી અસંખ્ય આયતો મળી આવશે કે જેમાં મનુષ્યને ખુદ પોતાના અસ્તિત્વ અને સમગ્ર સૃષ્ટિના અસ્તિત્વ વિષે ચિંતન અને મનન કરવાની આજ્ઞા છે. અને ઈસ્લામ ધર્મમાં સત્ય અને હકીકતની શોધ અંગેના ગંભીર ચિંતન અંગે કોઈ નિયંત્રણો મુકવામાં આવ્યા નથી. અને આ ગંભીર ચિંતન જ છે જે પ્રથમ શંકા-કુશંકામાંથી પ્રગતિ કરીને વિશ્વાસના પોતાના અંતિમ પડાવ સુધી પહોંચી જાય છે.

અને પયગમ્બર સ.અ.વ. એ અજ્ઞાનતાની જાળમાંથી ચિંતન અને મનનને એવી રીતે સ્વતંત્ર કરાવ્યા કે તે હવે અનુભવસ્થામાંથી પસાર થઈને ગુહ્ય બાબતોના આનંદમાં વિચરણ કરી શકે છે. એવી ગુહ્ય બાબતો જે તે ન તો કોઈ મનુષ્ય ચક્ષુઓએ થઈ છે અને ન તો કોઈ મનુષ્યના મનમાં તેનો વિચાર પણ આવ્યો હોય.

અને અહલેબૈત અ.સ.ના ચિંતનની વિચારસરણીએ તો સત્યની પ્રાપ્તિ માટે અભિવ્યક્તિ-ચિંતન અને મનનની સ્વતંત્રતાની જામીનગીરી લીધી છે અને તેથી તેઓ શત્રુઓની સાથે વાદવિવાદ (મુનાઝિરા)નું આયોજન કરતાં હતા અને વિભિન્ન કાર્યક્રમોમાં પોતાના વિચારોની અભિવ્યક્તિ કરતા હતા. દા.ત. બીજી સદી હિજરી ના પ્રથમ અર્ધભાગમાં ઈમામ બાકિર અ.સ. અને ઈમામ સાદિક અ.સ.ના યુગમાં જ્યારે અમુક અંશે વૈચારિક અને

E-mail : hadimasik@yahoo.com

સાંસ્કૃતિક અભિવ્યક્તિની મોકળાશ પ્રાપ્ત થઈ હતી ત્યારે આપ અ.સ.એ નાસ્તિકો - અગ્નિપુજકો અન્ય ધર્મોના વિદ્વાનો સાથે વાદવિવાદની સભાઓ આયોજિત કરી હતી અને અહલેબૈતની વિચારસણીમાં માનનારાઓની અભિવ્યક્તિની સ્વતંત્રતા પ્રત્યેના પ્રેમનું સૌથી મોટું ઉદાહરણ તો એ છે કે તેમણે હઝરત અલી અ.સ. અને આલે અલી અ.સ.ના સૌથી મોટા શત્રુઓ એટલે કે ખ્વારિજ (ખારજીઓ) સાથે પણ વાદવિવાદની સભાઓનું આયોજન કર્યું હતું પરંતુ ખ્વારિજ લોકોએ તો પોતાના માટે જેમાં કોઈપણ ફેરવિચારણાનું ચિંતનનું લેશમાત્ર પણ સ્થાન ન હોય તેવી સખ્ત વિચારસરણી, વેરભાવની રાજનીતિ જ સ્વીકારી લીધી હતી તેથી જ તો "નહરવાનનું યુદ્ધ" શરૂ થયું તે પહેલા તેમણે જ્યારે પોતાનો પ્રખ્યાત નારો કે "હુકમ આપવાના અધિકાર તો ફક્ત ખુદાને છે" તે પોકાર્યો તો હઝરત અલી અ.સ. એ પોતે જ તેમની સાથે વાદ-વિવાદ કર્યો હતો અને ફરમાવ્યું હતું કે આ વાત તો સાચી છે પરંતુ આમાં તેમની મુરાદ મેલી છે અને આવું કરીને તેઓ હઝરત અલી અ.સ.ના "ઈમામ બરહક" (ખુદા એ નિયુક્ત કરેલા સાચા ઈમામ) હોવાની હકીકતનો ઈન્કાર કરવા માંગતા હતા.



E-mail : hadimasik@yahoo.com

વહાલા નબી સ.અ.વ.ની વહાલી વાતો

(૧) પારણાંથી લઈને કબર સુધી વિદ્યા (શિક્ષણ) પ્રાપ્ત કરતા રહો.

(૨) વિદ્યા (શિક્ષણ) પ્રાપ્ત કરવા માટે ચીન (ખૂબ જ દૂરના દેશ-પ્રદેશ) જવું પડે તો ત્યાં જઈને પણ શિક્ષણ પ્રાપ્ત કરો.

(૩) મોમિનની સજ્જનતા (શરાફત) રાત્રે (ખુદાની ઈબાદત કરવા માટે) જાગવામાં છે અને તેનો માન-મરતબો-આબરૂ બીજાઓના ઉપર અવલંબિત ન થવામાં છે.

(૪) વિદ્યા પ્રાપ્ત કરનારાઓ વિદ્યા પિપાસુઓ હોય છે.

(૫) ખુદાનો હાથ (સહાયતા) સંઘ જમાઅત - સારા કાર્યોને હળીમળીને એક સાથે કરનારાઓ દા.ત. નમાઝીઓ - અઝાદારો)ની સાથે હોય છે.

(૬) સંયમ(પરહેઝગારી) માનવીના શરીર અને મનને આરામ પહોંચાડે છે.

(૭) જે વ્યક્તિ ચાલીસ દિવસ સુધી ફક્ત અને ફક્ત (સંપૂર્ણપણે) ખુદા માટે જીવન વિતાવે છે તો તેની જીભમાંથી વિદ્વતા અને ડહાપણની સરવાણીઓ ફૂટી નીકળે છે.

E-mail : hadimasik@yahoo.com

ટુચકાઓ
હસો અને હસાવો

(૧) શિક્ષક : (વિદ્યાર્થીને) ઈંડા અને દંડામાં શુ ફેર છે ?

વિદ્યાર્થી : કોઈ ફેર નથી.

શિક્ષક (આશ્ચર્ય ચકિત થઈને) કેવી રીતે ?

વિદ્યાર્થી : બંને શરીરને ગરમ કરે છે. ઈંડુ શરીરની અંદર જઈને શરીરને ગરમ કરે છે તો દંડો બહારથી શરીર ઉપર પડીને શરીરને ગરમ કરે છે.

(૨) એક બેઠકમાં બધા લોકો પોતાના બાળપણની ઈચ્છાઓ જણાવી રહ્યા હતા. એક વકીલનો વારો આવ્યો તો તેણે કહ્યું "મારી તો એવી ઈચ્છા હતી કે હું મોટો થઈને ડાકુ બની જાઉ" ત્યાં હાજર રહેલા લોકોમાંથી એક બોલ્યો "આપ તો ઘણા ભાગ્યશાળી છો નહીં તો દરેક માણસની બાળપણની ઈચ્છા ક્યાં પૂરી થાય છે."

(૩) બીજા વિશ્વયુદ્ધ વખતે ઈંગ્લેન્ડના વડાપ્રધાન ચર્ચિલ અમેરિકાના પ્રમુખ રૂઝવેલને મળવા ગયા. એક દિવસ સવારે ચર્ચિલ નાહીને ટુવાલ વડે પોતાનું શરીર લુછી રહ્યા હતા ત્યારે રૂઝવેલ તેમના ઓરડામાં જઈ ચઢ્યા અને એ જોઈને કે ચર્ચિલના શરીરે કોઈ વસ્ત્ર નથી ત્યાંથી પાછા ફરવા લાગ્યા.

ચર્ચિલે કહ્યું, પાછા જવાની જરૂર નથી. ઈંગ્લેડ અમેરિકાથી કાંઈ સંતાડીને રાખવા માંગતું નથી.

(૪) એક પાયલોટે કંટ્રોલ ટાવર ઉપર સંદેશો મોકલ્યો. હું અત્યારે ૫ હજાર ફુટની ઉંચાઈએ એરપોર્ટથી ૨૦૦ કી.મી. દુર સમુદ્ર ઉપર ઉડી રહ્યો છું. વિમાનમાં પેટ્રોલ ખત્મ થઈ ગયું છે. મને સૂચના આપો કે હું શું કરૂં ? કંટ્રોલ ટાવર તરફથી થોડીક ક્ષણોની શાંતિ પછી જવાબ મળ્યો, "મારી સાથે બોલો - ઈન્ના લિલ્લાહે-વ-ઈન્ના એલ્યહે રાજેઉન."



E-mail : hadimasik@yahoo.com

સિયામીઝ ફાઈટિંગ ફિશ

દોસ્તો, તમે માછલીઘર ગયા હશો તો રંગબેરંગી માછલી ચોક્કસ જોઈ હશે. હેં ને ? જુદા-જુદા આકારવાળી નાની - મોટી માછલીઓમાં એક છે "સિયામીઝ ફાઈટિંગ ફિશ". તે ખૂબ સુંદર અને સ્વભાવે બળવાખોર છે. એટલા માટે જ સિયામીઝ સતત લડતી - ઝઘડતી જોવા મળે છે અને આ કારણસર જ તે ફાઈટિંગ ફિશના નામે ઓળખાય છે.

સિયામીઝનું વૈજ્ઞાનિક નામ "બેટા સ્પ્લેનડેન્સ" (Betta Splendens) છે. બેથી ત્રણ ઈંચ લંબાઇ ધરાવતી આ માછલી ઘણી સુંદર છે. રંગબેરંગી હોવાના કારણે જ એક્વેરિયમ માટે સિયામીઝ એક આદર્શ માછલી ગણાય છે.

- સિયામીઝ મુખ્યત્વે લાલ, લીલા , વાદળી, પીળા, સફેદ તેમજ આછા લીલાશ પડતા ભુરા રંગમા જોવા મળે છે.
- સિયામીઝ વિવિધ પ્રકારની પૂંછડી ધરાવે છે. તેમાંથી એક પૂંછડીને "ડેલ્ટા ટેલ " કહે છે. આ પૂંછડી અર્ધચંદ્રાકાર અને ધારદાર હોય છે.
- બીજી એક પૂંછડીનો આકાર પંખા જેવો હોય છે. તેથી એ પૂંછડીને "ફેન ટેલ" કહે છે.

ક્યાં જોવા મળે છે ?

કમ્બોડિયા, થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા, મલેશિયા, વિયેટનામ અને ચીનના કેટલાક વિસ્તારમાં આ રૂપકડી માછલી જોવા મળે છે.

ભાવતું ભોજન

સિયામીઝ દરિયાઈ વનસ્પતિ, નાના નાના દરિયાઈ જીવજંતુઓ તેમજ મરેલા પ્રાણીઓ ખાવાની શોખીન છે.

આયુષ્ય

બેથી ત્રણ વર્ષ તે જીવી શકે છે.

શા માટે બળવાખોર કહેવાય છે ?

તમને જાણીને નવાઈ લાગશે કે બે નર સિયામીઝ એકબીજા સાથે ખૂબ ઝઘડે છે. બેમાંથી એક જણનું મૃત્યુ થાય ત્યાં સુધી બનેંમાં બરાબર લડાઈ જામે છે એટલા માટે જ બે સિયામીઝ એક સાથે એક્વેરિયમપોટમાં રાખી શકાય નહીં. આ કારણસર જ તે ફાઈટિંગ ફિશ (બળવાખોર માછલી)ના નામે ઓળખાય છે.

અનોખો અવયવ

સિયામીઝના શરીરમાં એક ખાસ અવયવ હોય છે. તે "લેબરિથ ઓગન"ના નામે ઓળખાય છે. તેનાથી તે શ્વાસ લે છે. આ અવયવ હવામાંથી શ્વાસ લેવા માટે મદદરૂપ થાય છે. પાણીમાં રહેલો ઓક્સિજન લેવાને બદલે સિયામીઝ પાણીની સપાટી ઉપર આવીને શ્વાસ લઈ શકે છે. તેના શરીરમાંથી "લેબીરિંથ" અવયવ કાઢી નાખવામાં આવે તો ગૂંગળાઈ જવાને કારણે તેનું મૃત્યુ થાય છે.

ક્યાં ઈંડાં મૂકે ?

નર સિયામીઝ મોઢામાંથી પરપોટા બનાવે છે. તે પરપોટામાં માદા સિયામીઝ ઈંડા મુકે છે પછી તે પરપોટાને દરિયાઈ વનસ્પતિ અથવા કોઈ સુરક્ષિત જગ્યાએ સંતાડી દેવામાં આવે છે. ઈંડામાંથી માછલી બહાર આવે નહી ત્યાં સુધી ઈંડા સુરક્ષિત રહે છે.

રબીઉસ્સાની માસની ખાસ ઘટનાઓ

ખૂનનો બદલો

૧-રબીઉસ્સાની : આપણાં ત્રીજા ઈમામની કરબલાના મેદાનમાં કરૂણ શહાદત પછી તેમના કતલ કરનારાઓથી તેમના ખૂનનો બદલો લેવા માટેની જાહેરાત ઈમામના ચાહવાવાળાઓએ આજના દિવસે સને ૬૫ હિજરીમાં કરી હતી અને ક્રાંતિ માટે તેઓએ કમર કસી હતી. આ લોકોના આગેવાન સુલેમાન બિન સુરદ હતાં.



સત્તાનો ત્યાગ

૨૫-રબીઉસ્સાની : સને ૬૪ હિજરીમાં આજના દિવસે યઝીદ મલઊનના દીકરાએ પોતાના પિતાની હકૂમત-શાસન અને સિંહાસનને ઠોકર મારીને સત્તાનો ત્યાગ કર્યો હતો અને પોતાના બાપ અને દાદાના ખોટા કામોની લોકો સમક્ષ જાહેરાત કરી હતી. તે ૨૫ અથવા ૪૦ દિવસ સુધી રડતો હતો અને છેવટે ઝેર આપીને તેને મારી નાખવામાં આવ્યો હતો.

માઅસૂમએ કુમ(સલા.)ની શહાદત

૧૦-રબીઉસ્સાની : સને હિજરી ૨૦૧માં આજના દિવસે આપણાં આઠમાં ઈમામના બહેન જનાબ માઅસૂમએ કુમ (સલા.)ની શહાદત થઈ હતી. આપ કુમ શહેરમાં દફન થયાં હતાં. કુમ શહેર વિશે આપણાં છઠ્ઠા ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું હતું કે "કુમ નાનું કૂફા છે અને જન્નતના આઠ દરવાજામાંથી ત્રણ દરવાજા કુમમાંથી શરૂ થાય છે." આ શહેરમાં મારી ઓલાદમાંથી એક સન્નારી દફન થશે. તેમનું નામ "ફાતિમા" હશે અને તે મુસા બિન જાઅફર (સાતમા ઈમામ)ની પુત્રી છે. તેમની "શિફાઅત"થી તમામ શીઆ જન્નતમાં દાખલ થશે.

(બિહાર-ભાગ-૫૭-પાનું ૨૨૮)

શુરવીરતા અને અહલેબૈત અ.સ.

શુરવીરતા એક હૃદયમાં રહેલી બાબત છે. જે આત્માની ઉંડાઈ સાથે વણાએલી છે. તેનો સંબંધ મનોબળની સુદૃઢતા અને અમરતા સાથે છે. શુરવીરતા ઘણાં પ્રકારની હોઈ શકે છે. પરંતુ મુખ્યત્વે બે પ્રકારની ગણી શકાય.

(૧) શારીરિક શુરવીરતા

(૨) આધ્યાત્મિક અને આત્મા સંબંધિત શુરવીરતા.

શારીરિક શુરવીરતા એટલે શરીર અને બાહુબળનું લોખંડી હોવું તે.

પરંતુ આધ્યાત્મિક અને આત્માની શુરવીરતા એટલે લોખંડી મનોબળ અને ઉચ્ચતમ તેમજ દૃઢ નિર્ણય શક્તિ.

આધ્યાત્મિક શુરવીરતાં હંમેશા ધૈર્ય - ઈચ્છા શક્તિ પર સંપુર્ણ કાબુ- દાનવીરતા અને ઉચ્ચ ચારિત્રથી પ્રગટ થાય છે.

શુરવીરતાને ઈસ્લામમાં ઘણું મહત્વ આપવામાં આવ્યું છે અને માઅસૂમિન અ.સ. એ પણ પોતાના કથન અને કર્મથી તેના મહત્વને સમજાવ્યું છે અને શુરવીરોને હંમેશા મહત્વ આપ્યું છે.

દા.ત. : ઈમામ અલી અ.સ. યુધ્ધમાં ધ્વજ ધારકો (અમલદાર-અલમ રાખનાર વ્યક્તિઓ) માટે ફરમાવતા હતા કે "યુધ્ધના ધ્વજને અત્યંત શુરવીર અને બહાદુર વ્યક્તિ સિવાય અન્ય કોઈને સોંપવો જોઈએ નહીં." (નહજુલ બલાગાહ-ખુત્બો- ૧૨૪)

ઈમામ અલી અ.સ. ફરમાવે છે કે "શુરવીરતા માનવીનો શણગાર છે અને બીકણ હોવું તે માણસ માટે શરમની બાબત છે. (ગરરૂલ-હકમ-ભા-૧ પા. ૩૪)"

અઈમ્મા અ.સ. શુરવીરતા અને બહાદુરીમાં પોત પોતાના યુગમાં અદ્વિતીય હતા. ખાસ કરીને ઈમામ અલી અ.સ. ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.ની શુરવીરતા તો ખૂબ જ પ્રસિદ્ધ છે. ઈમામ અલી અ.સ.ની શુરવીરતાને તો મિત્રો અને શત્રુઓ બધા જ સ્વીકાર કરે છે અને આપ એવા હતા જ. દા.ત. રસૂલે ખુદા સ.અ.વ. પછી જંગે સિફ્ફીનમાં સમયની જરૂરિયાતને અનુસરીને આપે યુધ્ધ શરૂ કરવામાં મોડું કર્યું અને આપના ઉપર જ્યારે આપ મૃત્યુથી ડરી ગયા હતા તેવો આરોપ મુકવામાં

E-mail : hadimasik@yahoo.com

આવ્યો ત્યારે આપે ખૂબ જ શુરવીરતાથી સ્પષ્ટ શબ્દોમાં ઘોષણા કરી હતી કે આ લોકો કહે છે કે હું મૃત્યુથી ડરી ગયો છું તો ખુદાના સમ!! ના !!! મને આ વાતની બીક નથી કે મૃત્યુ મને આવીને પકડી લે કે હું સામે ચાલીને મૃત્યુને વળગી પડું. (નહજુલ બલાગાહ-પત્ર - ૪૫)

ઈતિહાસમાં અઈમ્મા અ.સ. અને અહલેબૈત અ.સ.ની શુરવીરતાના અનેક પ્રસંગો સંઘરાયેલા છે. ચાલો કેટલાંક અનન્ય પ્રંસગો જોઈએ.

પહેલો પ્રસંગ : જંગે જમલમાં ઈમામ અલી અ.સ.એ પોતાના સુપુત્ર મોહમ્મદ હનફીયાહને ભાલો આપ્યો અને શત્રુઓ ઉપર હુમલો કરવાની આજ્ઞા ફરમાવી. મુહમ્મદ હનફીયાહ ઝડપથી શત્રુઓ ઉપર હુમલો કરતા ખૂબ આગળ નીકળી ગયા પરંતુ એક સ્થળે બની ઝુબ્બાના કબીલાવાળાઓએ આપને આગળ વધતા અટકાવી દીધા. તેથી આપ પોતાના પિતા પાસે પાછા આવી ગયા. તે પછી ઈમામ હસન અ.સ.એ એમની પાસેથી ભાલો લઈ લીધો અને અત્યંત ઝનૂનથી અને બહાદુરીથી આક્રમણ કરીને આગળને આગળ વધતા ગયા અને થોડીવારમાં તો લોકોને (બની ગુબ્બાના કબીલાવાાળાઓને) મારી નાંખીને એ સ્થિતિમાં પાછા આવ્યા કે આપના ભાલામાંથી લોહી ટપકતુ હતુ. જ્યારે મુહમ્મદ હનફીયાહએ પોતાના ભાઈની આ શુરવીરતા જોઈ તો માથુ ઝુકાવી લીધું ત્યારે ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું કે તમારે શરમિન્દા થવાની જરૂર નથી કેમકે હસન અ.સ. અને હુસૈન અ.સ. તો રસુલે ખુદા સ.અ.વ.ના ફરઝન્દ છે અને તમે અલી અ.સ.ના પુત્ર છો. (બિહાર ભા-૪૪, પા. ૩૪૫)



E-mail : hadimasik@yahoo.com

બીજો પ્રસંગ : ઈમામ હસન અ.સ.ના એક ફરઝન્દ કે જેમનું નામ ઉંમર હતું તે પણ કરબલાના બંદીઓ (અસીરાને કરબલા)ની સાથે કેદી બનાવી લેવામાં આવ્યા હતા. જ્યારે આ કાફલો શામ પહોંચ્યો (યઝીદના દરબારમાં) યઝીદ એ ઉંમર-બિન-હસન અ.સ.ને જોયા, તેણે કહ્યું, "શું તમે મારા દીકરા ખાલિદ સાથે કુસ્તી લડશો ? ફરઝન્દે ઈમામ હસન અ.સ. એ કેદી હોવા છતાં દરબારે યઝીદમાં એવો શુરવીરતાભર્યો જવાબ આપ્યો કે બધા જ આશ્ચર્યચકિત થઈ ગયા. ઈમામ અ.સ.ના ફરઝન્દે ફરમાવ્યું, "તું કુશ્તી માટે પુછે છે ? અરે એક ખંજર તું તારા દિકરાને આપ અને એક મને દે પછી અમે લડીશું. જોઈએ અમારા બેમાંથી શુરવીર અને બહાદુર કોણ છે ?"

આ સાંભળીને યઝીદે કહ્યું "નબુવતના ખાનદાનનો નાનો શું કે મોટો શું ? અમારી સાથે દુશ્મનાવટ અને અમને પરાસ્ત કરવામાં કોઈ પાછો પડે તેમ નથી. પછી તેને એક પંક્તિ કહી જેનો અર્થ થાય છે "આ બાળક નબુવતના ફુલનું પાંદડુ છે અને તેથી આવી રીતે અંત્યત શુરવીરતાથી વાત કરી રહ્યો છે." (મુસીરૂલ અહઝાન પા. ૧૦૫)



વાળ કાપવાના ગુણો

હે અલી ! વાળને કલપ કરવાના કામે એક દિરહમ ખર્ચ કરવો તે એવા એક હજાર દિરહમથી સારો છે જે ખુદાના માર્ગે (ખુદાના કાજે) ખર્ચ કરવામાં આવે.

વાળને કલપ કરવાથી ૧૪ ગુણો પ્રાપ્ત થાય છે.

- કાનોની દુર્ગંધ દુર થાય છે.
- આંખોની દ્રષ્ટિ શક્તિ વધે છે.
- નાકને નરમ કરે છે.
- મોઢાની દુર્ગંધને દૂર કરે છે.
- પેઢાઓને મજબૂત કરે છે.
- બગલની દૂર્ગંધ દુર કરે છે.
- શયતાની વસવસાઓને ઓછા કરી દે છે.
- વાળોને કલપ કરવાથી ફરિશ્તાઓ પ્રસન્ન થાય છે.
- મોઅમેનીન પ્રસન્ન થાય છે.
- કાફરો તેનાથી અત્યંત ક્રોધિત થાય છે.
- વાળોનો કલપ શણગારનું કારણ બને છે.
- વાળોનો કલપ સુગંધ છે.
- વાળોનો કલપ લગાડનારાથી મુન્કર અને નકીર શરમ કરે છે.
- વાળોનો કલપ કબરમાં (અઝાબમાંથી) છુટકારાનું કારણ બને છે.

બાળકોની ડાયરી

વહાલા બાળકો, આ પાનું તમારું રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારું પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !



જામાણી મિસમ રઝા એમ.

સુરત.

મિરઝા મોહમ્મદ ઝૈદ

આંબાચોક, ખોજાવાડ, ભાવનગર.



રવજાણી ફઝલ અબ્બાસ મુન્નાભાઈ

રાજુલા.



લાખાણી અલીનવાઝ ગુલામ અબ્બાસ

ખોજા મસ્જીદ પાસે, જવાહર રોડ, રાજુલા.

E-mail : hadimasik@yahoo.com



કાલ કોણે જોઈ છે ?

હિલાલ-બિન-મુસ્લિમ કહે છે કે એક દિવસ અસ્રના સમયે કેટલોક માલ (ધન) આવ્યો, આપ (હઝરત અલી) અ.સ. ના સાથીએ તે માલને "બૈતુલ-માલ" માં મૂકી દીધો. ઈમામ અ.સ.એ ફરમાવ્યું : "આને (જરૂરીયાતવાળા) લોકોમાં વહેંચી દો" આપના સાથી (સહાબી) એ કહ્યું : " મૌલા ! રાત પડી રહી છે. કાલ સુધી રાહ જોઈ લઈએ, (કાલે)વહેંચી દેવાશે " આપ અ.સ.એ ફરમાવ્યું " કોને ખબર છે આવતી કાલ સુધી કોણ જીવતો રહેશે. શક્ય છે કે જેનો (આ માલ ઉપર) હક હોય તે આજે રાત્રે ગુજરી જાય અથવા હું પોતે આજે રાત્રે અવસાન પામું અને હક પહોંચતો હોય તે વ્યક્તિને તેના હક (ભાગ - હીત - હિસ્સો) ન પહોંચાડી શકું. "

તે પછી દીવો પેટાવવામાં આવ્યો અને તે માલને વહેંચી દેવામાં આવ્યો.

કેટલી મહાન હતી હઝરત અલી અ.સ.ની ન્યાયપ્રિયતા કે માલની વહેંચણીમાં એક ક્ષણનો વિલંબ પણ તેમને સ્વીકાર્ય ન હોતો.

(વસાએલુશ્શીઆ- ભા-૧૧, પા. ૮૨)

E-mail : hadimasik@yahoo.com

લોભ-લાલચ

ખુદાવન્દે આલમ પોતાની કિતાબે કરીમ - કુરઆને મજીદમાં ઈર્શાદ ફરમાવે છે "હે ઈમાનવાળાઓ ! તમારા ધન-દોલત અને તમારી ઓલાદ તમને અલ્લાહનો ઝિક્ર કરવાથી ગાફેલ ન કરી દે ! (તેનું ધ્યાન રાખજો) અને જે કોઈ એવું કરશે તે નુકશાનમાં રહેશે."

એક બીજી આયતમાં ખુદાવન્દે આલમ ફરમાવે છે કે "તમે જાણી લો કે તમારી ઓલાદ અને તમારી ધન - દોલત - સંપત્તિ ઝઘડાના મુળ (ફિત્ના) સિવાય બીજું કાંઈ નથી."

રસૂલે ખુદા સ.અ.વ.થી રિવાયત છે કે "જે કોઈ વ્યક્તિએ એ સ્થિતિમાં સવાર પાડી દીધી (સવાર સુધી એવી હાલતમાં રહ્યો) કે જેની દ્રષ્ટિએ દુન્યાનું મહત્વ વધારે હોય - તો કોઈપણ વસ્તુમાં તેનો કોઈ ભાગ - હિસ્સો અલ્લાહ રાખતો નથી" રસૂલે ખુદા સ.અ.વ.થી એક રિવાયત છે કે "મારા પછી દુન્યા તમારી પાસે આવશે અને તમારા ઈમાનને તે (દુન્યા) એવી રીતે ખાઈ જશે જે રીતે આગ લાકડાંને ખાઈ જાય છે."

E-mail : hadimasik@yahoo.com

આપ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે "દુન્યા પોતાને ચાહવાવાળાઓને બોલાવશે. પછી જે કોઈ વ્યક્તિએ પોતાની જરૂરિયાત કરતાં વધુ (જગતમાંથી) લીધું તો (એ એવું છે કે) નિઃશંકપણે તેણે પોતાના મૃત્યુને જાણે આમંત્રણ આપ્યું અને તે આ વાત જાણતો પણ નથી."

આપ સ.અ.વ. એ જ ફરમાવ્યું છે કે : નિઃશંક રીતે દિનાર અને દિરહમ (પૈસા-ધન-દોલત-સંપત્તિ)એ તમારાથી અગાઉવાળાઓને બરબાદ કરી દીધાં છે અને હવે તમને પણ બરબાદ કરશે.

આપ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે "જેણે દુન્યા પ્રત્યે પ્રેમભાવ રાખ્યો તેણે જાણે પોતાની આખેરતને નુકશાન પહોંચાડ્યું."

ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. ફરમાવે છે કે "મેં ભલાઈ (ખૈર)ને સંપૂર્ણપણે લોભલાલચ ને ત્યાગવામાં જોઈ છે. (એટલે કે લોભ-લાલચને સંપૂર્ણપણે ત્યાગવામાં જ ભલાઈ છે) ઈમામ મુહમ્મદ બાકીર અ.સ. ફરમાવે છે કે "લોભ કરનાર માણસ ખરાબ (ભૂંડો) હોય છે અને લોભ-લાલચ તેને પોતાની તરફ ખેંચતી હોય છે અને એ પણ ભૂંડો માણસ છે જે દુન્યા પ્રત્યે પ્રેમભાવ રાખતો હોય અને તે (તો) તેને અપમાનિત કરતા હોય છે."

ઈમામ જાઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે "દરેક ભૂલ અને ગુનાહના મૂળ દુન્યા પ્રત્યેના પ્રેમમાં રહેલા છે."

પત્રાવલી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !



નકવી અલીનવાઝ, નકવી અનવર

સાદાત કોલોની, મહુવા.



હરીયાણી સજ્જાદા અબ્બાસઅલી

ભાવનગર.

રાજાણી ઝૈન અમી

પંજેતની ફલેટ, ભાવનગર.

Date 09 | 12 | 2011

بسم الله الرحمن الرحيم

قَالَ رَسُوْلُ :-

يَا فَاطِمَةُ ! كُلُّ عَيْنٍ بَاقِيَةٌ يَوْمَ الْقِيَامَةِ - اِلَّا عَيْنٍ بَكَتْ عَلَى مُصَابِ حُسَيْنٍ فَاِنَّهَ ذَاكِيَةٌ مُتَبَسِّرَةٌ بِنَعِيْمِ جَنَّةٍ -

પયગમ્બરે ઈસ્લામ (સ.) ફરમાવે છે કે હે મારી વહાલી (દીકરી) ફાતેમા ! જે આંખોએ હુસૈન (અ.સ.) ની મુસીબતો અને તેમના દોસ્તમાં આંસુ વહાવ્યા હોય તે સિવાયની દરેક આંખ કયામતના દિવસે રડતી હશે. એ આંખો (કે જેણે હુસૈન (અ.સ.) ની મુસીબતો ઉપર આંસુ વહાવ્યા હોય તે) કયામતના દિવસે ખિલેલી હશે અને તેને નેઅમતોથી ભરપૂર જન્નતની વધામણી આપવામાં આવશે.

નામ - હસનૈન રઝા એ. મીરઝા વર્ષ - ૧૧
શહેર - ભાવનગર

હરીયાણી સજ્જાદા અબ્બાસઅલી

ભાવનગર.

હસનૈન રઝા એ. મીરઝા

ભાવનગર.

જુઓ અને સમજો

અદ્‌ભૂત બચાવ...
(માં-બાપની મોહબ્બત)



એવી કેવી મજબૂરી ?

વિચારવાની કોઈ ઉંમર નથી...

મધ બનાવવા માટે માખીનો ક્રિયાક્રમ...

જા - તું આઝાદ (સ્વતંત્ર) છે !

હઝરત ઈમામ સજ્જાદ અ.સ. ની દાસીઓ પૈકી એક દાસી આપને વઝૂ કરાવી રહી હતી. હાથ ઉપર પાણી નાંખતી વખતે તેના હાથથી લોટો છૂટી ગયો અને આપના ચહેરા ઉપર પડ્યો તેથી આપનો ચહેરો જખ્મી થઈ ગયો. આપે તે દાસી તરફ જોયું, તે દાસીએ તરત જ કુરઆનની આયતની તિલાવત કરી - વલકાઝે મીનલ ગયઝા - અને તે લોકો ક્રોધને પી જાય છે.

ઈમામ અ.સ. એ ફરમાવ્યું "હું મારા ક્રોધને પી ગયો છું" તે દાસીએ ફરી એક આયત પઢી -

વલઆફીના - અનિજ્ઞાસ, અને તેઓ લોકોને માફ કરી દે છે.

ઈમામ અ.સ.એ રમાવ્યું "જા મેં તને માફ પણ કરી દીધી"

દાસીએ ફરી આયત પઢી.

વલ્લાહો યુહિબ્બુલ મોહસેનીન "અલ્લાાહ એહસાન કરવાવાળાને મિત્ર રાખે છે."

ઈમામ અ.સ. મે ફરમાવ્યું "જા, તું અલ્લાહના કાજે (રાહે ખુદામાં) આઝાદ છો."

(આયત -સૂરએ આલે ઈમરાન આયત-૧૩૪)

(કિતાબુલ - અમાલી-સદૂક-મજલિસ-૬૩ પા નં. ૨૦૧ હદીસ-૧૨)



શું તમે પણ આવા કોઈ પ્રસંગે કોઈને માફ કરીને તેમના ઉપર કૃપા કરી છે ?

E-mail : hadimasik@yahoo.com

ઈમામ હસન અસ્કરી (અ.સ.)ની વિલાદત



આપનું મુબારક નામ હસન (અ.સ.) છે અને પ્રખ્યાત થયેલ લકબ અસ્કરી છે અને આપની કુનીયત 'અબૂ મુહમ્મદ' છે. આપના વાલિદે ગિરામીનું નામ ઈમામ અલીનકી છે અને આપની વાલિદાનું નામ"સુલેયલ" અથવા "હુદૈસ" અથવા "સવસન" છે.

આપની વિલાદત મદીના મુનવ્વરામાં ૧૦ રબીઉસ્સાની સન ૨૩૨ હિજરીના દિવસે થઈ હતી.

"હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

અમદાવાદ	:	(૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬
		(૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮
		(૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪
ભાવનગર	:	મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪
મહુવા	:	મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭
કાણોદર	:	નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧
મેતા	:	મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯
ભરૂચ	:	મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧
સેલવાસા	:	ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮
ધોળકા	:	કમરઅલીભાઈ મોમીન
ડેડીયાપાડા	:	રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧
તળાજા	:	મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦
રાજૂલા	:	મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦
સિહોર	:	હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮
અંજાર	:	રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧
કચ્છ	:	મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન :
રૂસ્તમપુરા	:	સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨
મુંબઈ	:	અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.



HADI MASIK

: Publishers :

Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org

Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474